gujaratsahay.com

# શ્રી ગણેશ સ્તુતિ

ૐ જય ગણપતિ દેવા, પ્રભુ જય ગણપતિ દેવા
ગણનાયક ગિરજા સુત, ગણનાયક ગિરજા સુત,
સિદ્ધિ બુદ્ધિ સેવા... ૐ જય ગણપતિ દેવા...

લંબોદર જય જયકર, ઉંદર અસવારા, પ્રભુ ઉંદર અસવારા
પીતામ્બર ધરી કટિ પર, પીતામ્બર ધરી કટિ પર
ત્રિભુવન જગ પ્યારા... ૐ જય ગણપતિ દેવા...

હેરંબ હસ્ત પર ધાર્યા, મોદક મનગમતા, પ્રભુ મોદક મનગમતા
પુષ્કળ ઘૃત સાકરના, પુષ્કળ ઘૃત સાકરના
સૂંઢ વડે જમતા... ૐ જય ગણપતિ દેવા...

માતંગ આકૃતિ દેવ, વિશ્વ તણા ભરતા, પ્રભુ વિશ્વ તણા ભરતા,
ગજવદના સુખ સદના, ગજવદના સુખ સદના
વિઘ્ન સકળ હરતા... ૐ જય ગણપતિ દેવા...

તેત્રીસ કોટી દેવ તુમ્હારો યશ ગાવે, પ્રભુ તુમ્હારો યશ ગાવે
ભવ પ્રભા ઇંદ્રાદિક, ભવ પ્રભા ઇંદ્રાદિક
નિત દર્શન આવે... ૐ જય ગણપતિ દેવા...

દેવ દાનવ મુનિ માનવ, ચરણાં બુજ લેવે, પ્રભુ ચરણાં બુજ લેવે
આજ્ઞા ઉલ્લંઘન કરતા, આજ્ઞા ઉલ્લંઘન કરતા
થર થર ચરણ ધ્રૂજે... ૐ જય ગણપતિ દેવા...

gujaratsahay.com

ગજવદના સુખસદના, તુમ અંતર્યામી, પ્રભુ તુમ અંતર્યામી
હું પ્રણમું કર જોડી, હું પ્રણમું કર જોડી
નિર્ગુણ નિષ્કામી… ૐ જય ગણપતિ દેવા…

ભવનંદન જગવંદન આરતી ઉતારી, પ્રભુ આરતી ઉતારી
શ્વેત વૈકુંઠ તુમ પર, શ્વેત વૈકુંઠ તુમ પર
જાઉં બલિહારી… ૐ જય ગણપતિ દેવા…

ૐ જય ગણપતિ દેવા, પ્રભુ જય ગણપતિ દેવા
ગણનાયક ગિરજા સુત, ગણનાયક ગિરજા સુત,
સિદ્ધિ બુદ્ધિ સેવા… ૐ જય ગણપતિ દેવા…

Gujaratsahay.com